| Publication: Vyapar (Guajarati) | Edition: Mumbai |
| --- | --- |
| Date: September 17, 2016 | Page: 3 |


# એચપીસીએલ ઈલેક્ટ્રિકનો ₹ ૩૬૧ કરોડનો ઈસ્યૂ ૨૨ સપ્ટેમ્બરે : પ્રાઈઝ બેન્ડ ₹ ૧૭૫-૨૦૨

મુંબઈ, તા. ૧૬ સપ્ટે.

એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિ. કંપની રૂા. ૧૦નો એક એવા પ્રીમિયમ સાથે રૂા. ૩૬૧ કરોડના આઈપીઓ સાથે તા. ૨૨ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરનાર છે અને ભરણું તા. ૨૬ સપ્ટેમ્બરે બંધ થશે. પ્રાઈઝ બેન્ડ શેર દીઠ રૂા. ૧૭૫થી રૂા. ૨૦૨ જાહેર કરાયા છે.

બીડ ઓછામાં ઓછા ૭૦ ઈક્વિટી શેરો માટે અને ત્યાર બાદ ૭૦ શેરોના ગુણાંકમાં કરી શકાશે.

કંપની મીટરિંગ સોલ્યુશન્સ, સ્વીચગિયર, લાઈટિંગ ઈક્વિપમેન્ટ, વાયર અને કેબલ્સ સહિતનાં ઈલેક્ટ્રિક ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરે છે. હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કંપનીનાં ૭ ઉત્પાદક એકમો છે. ૨૧ રાજ્યોમાં કંપનીના વેરહાઉસો છે. ૨૪૦૦ અધિકૃત ડીલરો અને ડિસ્ટ્રિબ્યુટરો છે.

તા. ૩૧-૩-૨૦૧૬ના પૂરા થયેલા વર્ષે કંપનીની કુલ આવક રૂા. ૧૧૨૦ કરોડની અને કરવેરા પૂર્વેનો નફો રૂા. ૧૪૨ કરોડ થયો હતો. કંપનીની સ્ટેન્ડઅલોન નેટવર્થ રૂા. ૩૫૫.૨૮ કરોડની અને ઈક્વિટી શેર દીઠ સ્ટેન્ડઅલોન નેટ એસેટ વેલ્યુ રૂા. ૭૬.૫૨ છે.

કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર લલિત શેઠે જણાવ્યું હતું કે ઈસ્યૂના નાણાંમાંથી રૂા. ૧૩૦ કરોડ અમુક દેવાંનાં રિપેમેન્ટ માટે અને રૂા. ૧૮૦ કરોડ વર્કિંગ કેપિટલની જરૂરિયાત માટે વપરાશે.

કંપનીના શેરોને મુંબઈ શેરબજાર અને નેશનલ શેરબજારની યાદી પર મૂકવામાં આવશે.